| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૩૦/૧૨/૨૦૧૯ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૨૦/૧૯**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

## ગણતરીની કલાકોમાં ઘરફોડનો ભેદ ઉકેલી મુદામાલ સાથે આરોપીઓને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી મિલ્કત સબંધી તથા શરીર સબંધી ગુન્હાઓ બનતા અટાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ અત્રેના પો.સ્ટે ખાતે દાખલ થયેલ ફસ્ટ.ગુ.ર.નં-૧૩૮/૨૦૧૯ ધી.ઇ.પી.કો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાની મુલાકાત કરી તેમજ આજુબાજુના સી.સી.ટી.વી ફુટેજ મળેવી તપાસ કરતા હતા તે દરમ્યાન સ્ટાફના માણસોને મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ નામે નં-(૧) મોજીમ ઉર્ફે બાપુ સ/ઓ મોઇનુદ્દીન સૈયદ ઉ.વ.૨૨ ધંધો.ડ્રાયવીંગ રહે. મ.નં.૪૩૨૨ સુધીર શાહના દવાખાના ઉપર, ખત્રીવાડના નાકે, વૈશ્યસભા, ખમાસા , અમદાવાદ શહેર તથા નં-(૨) અકરમ ગુલામમયુદ્દીન શેખ ઉ.વ.૧૮ ધંધો.બેકાર રહે. મ.નં.૪૬૨૭/૧ ઇપુ પાર્લરની સામે, ભઠીયારવાડ, ખમાસા, અમદાવાદ શહેર તથા નં-(૩) આરીફ હમીદખાન પઠાણ ઉ.વ.૨૧ ધંધો. છુટક મજુરી રહે. પહેલા માળે, કાદરી મંજીલ, ઉર્દુશાળાની સામે, અકબર પાર્લરની

બાજુમાં, વૈશ્યસભા, ખમાસા , અમદાવાદ શહેર તથા નં-(૪) ફૈસલખાન રહીમખાન પઠાણ ઉ.વ.૨૨ ધંધો.નોકરી રહે. મ.નં.૪૬૨૭/૧ ઇપુ પાર્લરની સામે, ભઠીયારવાડ, ખમાસા, અમદાવાદ શહેર નાઓને ભારતીય ચલણી ૨૦૦૦ તથા ૫૦૦ તથા ૧૦ ના દરોની નોટોના બંડલ જે કુલ્લે રૂ.૧૦,૦૧,૦૦૦/- ( દસ લાખ એક હજાર પુરા ) ની મતા તથા ચોના ચાંદીના અલગ અલગ દાગીની જેની કિ.રૂ.૫૦,૦૦૦/- ની મતાની તથા એક્સેસ ગાડી નં- GJ-01-UV-9694 ની જેની આશરે કિ.રૂ.૫૦,૦૦૦/- મતા ગણી તથા બીજી નંબર વગરની એક્સેસ ગાડી જેની આશરે કિ.રૂ.૫૦,૦૦૦/- મતા ગણી તથા સદરી ઇસમો પાસેથી મળી આવેલ ૦૩ ફોનની આશરે કિ.રૂ.૧૨,૦૦૦/- ની મતાની તથા મળી આવેલ નંબર પ્લેટ નંગ-૦૨ ની કિ.રૂ.૦૦/- ની ગણી કુલ્લે રૂ,૧૧,૬૩,૦૦૦/- ની મતા ગણી લઇ સદરી આરોપીઓને ઉપરોકત ગુન્હાના કામે તા-૨૮/૧૨/૨૦૧૯ ના કલાક-૨૦/૩૦ વાગ્યે પકડી અટક કરી ગુન્હામાં ગયેલ તમામે તમામ મુદામાલ રીકવર કરી સારી કામગીરી કરવામાં આવેલ છે



**<u>નરોડા પોલીસ સ્ટેશન :</u>**

## ચોરી અગર છળકપટથી મેળવેલ મોબાઇલ નંગ-૨ તથા રોકડા રૂપીયા તથા સી.એન.જી રીક્ષા મળી કુલ્લે કિ રૂ ૭૯,૮૦૯/- ના મુદ્દામાલ સાથે ત્રણ બહેનો તથા એક ઇસમને પકડી પાડતી નરોડા પોલીસ

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મીલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા સારૂ તથા બનેલ ગુન્હા અટકાવવા સારૂ સઘન પેટ્રોલીંગ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ સખતમા સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ એ.એસ.આઇ શ્રી જયેન્દ્રસિંહ રૂપસિંહ તથા સર્વેલન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ નાઓની બાતમી હકીકત આધારે (૧) રાકેશભાઇ રાજેશભાઇ ભોગેકર ઉ.વ-૩૫ રહે ફ્રી કોલોની છારાનગર,સરદારનગર ,અમદાવાદ (૨) સુનીતાબેન વા/ઓ રાજુભાઇ રમેશભાઇ ગુમાને ઉ.વ-૪૮ રહે ફ્રી કોલોની, કુબેરનગર, છારાનગર, અમદાવાદ (૩) સુનીતાબેન વા/ઓ હરીભાઇ નાથાભાઇ મોરીયા ઉ.વ-૫૦ રહે મ.નં-૧૫૦,બી વોર્ડ, કુબેરનગર, સરદારનગર,અમદાવાદ (૪) પ્રભાબેન વા/ઓ મહેશભાઇ ધીરૂભાઇ રાઠોડ ઉ.વ-૪૭ રહે નવખોલી, છારાનગર, સરદારનગર,અમદાવાદ નાઓને તેમની પાસેના મોબાઇલ નંગ-૨ કિ રૂ ૧૧,૫૦૦/- તથા ૯ પર્સ કિ રૂ ૦૦/- તથા રોક્ડા રૂપીયા ૮,૩૦૯/- તથા સી.એન.જી રીક્ષા કિ રૂ ૬૦,૦૦૦/- એમ કુલ્લે રૂ ૭૯,૮૦૯/-ની મત્તા સાથે પકડેલ હોય જે ઉપરોક્ત મુદ્દામાલ સબંધે કોઇ આધાર પુરાવા રજુ નહી ઉપરોક્ત મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી ઉપરોક્ત ચારેયને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી તેઓએ કેટલા ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે હાલમા તપાસ ચાલુ છે.





# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

## <u>“વિદેશી દારુના જથ્થા સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડતી પી.સી.બી.”</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ આગામી ૩૧મી ડિસેમ્બર અનુસંધાને અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૨૯.૧૨.૧૯ ના રોજ રાત્રે પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને બાતમી હકીકત મળેલ કે લાંભા વટવા કેનાલ રોડ ઉપર આવેલ રેઇનબો એકઝોટીકા ફલેટમા આવેલ ડી બ્લોકના નીચે એક સફેદ કલરની મારુતી ઇકો સ્ટાર જેની પાછળ નંબર નથી અને આગળ ન. GJ-05-JQ-1591 મા કેટલોક ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારુનો જથ્થો ભરેલ છે અને સદર ઇકો પાસે ત્રણ ઇસમો ઉભેલા છે જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીઓને નીચે મુજબના ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**<u>પકડાયેલ આરોપીઓ</u>** :

(૧) ચુનીલાલ દુર્ગારામ જાતે પુનીયા (જાટ) ઉ.વ.૨૧ રહે.૯ પુનિયા કી બસ્તી જાયડુ જીલ્લો- બાડમેર રાજસ્થાન (૨) હડુમાનરામ પ્રભુરામ જાતે જાટ ઉ.વ.૨૨ રહે.સેતરાઉ તા.રામસર જી.બાડમેર રાજસ્થાન (૩) ગણપતલાલ ભીખારામ બિશ્નોઇ ઉ.વ.૪૦ રહે.૪૦૬ રુપવિલા ફલેટ મંથન ૨૨૨ની સામે મહાલક્ષ્મી તળાવ પાસે વટવા અમદાવાદ તથા મુળ રહે.તા.રાણીવાડા જી.ઝાલોદ રાજસ્થાન

**<u>વોન્ટેડ આરોપીઓ</u>:**

(૧) ભગતસિંગ રાજપુત રહે.ગામ દુધવા જી.બાડમેર રાજસ્થાન **(વિદેશી દારુનો જથ્થો રાજસ્થાન ખાતેથી ભરી આપનાર)** (૨) પ્રકાશ બિશ્નોઇ જેનુ પુરુ નામઠામ જાણવા મળેલ નથી.**(વિદેશી દારુનો જથ્થો લેનાર)** (૩) પ્રકાશ ભીખારામ બિશ્નોઇ રહે. ૪૦૬ રુપવિલા ફલેટ મંથન ૨૨૨ ની સામે મહાલક્ષ્મી તળાવ પાસે વટવા અમદાવાદ **(વિદેશી દારુનો જથ્થો સંતાડી મુકાવનાર)**

**<u>ગુનાની જગ્યા</u>** : નારોલ લાંભા વટવા કેનાલ રોડ ઉપર આવેલ રેઇનબો એકઝોટીકા ફલેટમા આવેલ ડી બ્લોકના નીચે જાહેરમા

**<u>પકડાયેલ મુદામાલ</u>** :

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ ૨૪૦ કિ.રુ.૭૨,૦૦૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૫ કિ.૧૩,૦૦૦/-

(૩) મારુતી ઇકો ગાડી નંબર GJ-05-JQ-1591 કિ.૨,૦૦,૦૦૦/-

(૪) રોકડ નાણાં રુ.૧૩૪૫/-

(૪) આધાર કાર્ડ નંગ ૨ કિ.૦૦.૦૦/

**<u>કુલ્લે રુપિયા ૨,૮૬,૩૪૫/- નો મુદામાલ</u>**

 

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ- ૧૦૯ કિ.૨૫,૨૫૦/- ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી “ જી” ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ઇન્ચાર્જ પો.સ.ઇ ડી.આર.બાગુલ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના ઇન્ચાર્જ પો.સ.ઇ ડી.આર.બાગુલ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે રાકેશ મહેશ રાઠોડ તથા સાહીલ રાજેશ રાઠોડ બંન્ને રહે-મહાજનીયા વાસ કુબેરનગર નાઓ સાથે મળી કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી મહાજનીયા વાસ લીલા મહેશના મકાનની બાજુમાં આવેલ ગલીમાં સગે વગે કરતા રેડ દરમ્યાન નહી મળી આવેલ હોય સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એઈ),૧૧૬(૨),૮૧ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

આરોપીઓના નામ;- (૧) રાકેશ મહેશ રાઠોડ બંન્ને રહે-મહાજનીયા વાસ કુબેરનગર અમદાવાદ શહેર

(૨) સાહીલ રાજેશ રાઠોડ રહે- મહાજનીયા વાસ કુબેરનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ;- (૧) ભારતીય બનાવટનો વિદેશીદારૂની નાની મોટી બોટલ નંગ-૧૦૯ કિ.રૂ.૨૫,૨૫૦/-

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-

(૧) ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ (૨) અ.હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.ન.૯૩૬૫
(૩) અ.હે.કો.અનીલ બાલકુષ્ણ બ.ન.૩૯૧૭ (૪) અ.પો.કો. કિશોરસિહ સરદારસિહ બ.ન. ૮૧૯૯
(૫) લોકરક્ષક પરબતભાઇ જેરૂપભાઇ બ.ન.૧૧૭૮ વિગેરે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

**(૧)**

## મહીન્દ્રા મેક્ષ ગાડીમાં વુડ ઉપર તથા સીટની નીચે ગુપ્ત ખાનાઓ બનાવી સંતાડેલ ઈગ્લીશ દારૂની બોટલ નંગ:૨૦૪ કીમત રૂપીયા ૧૦૨૦૦૦/- તથા મહીન્દ્રા મેક્ષ ગાડી મળી કુલ્લે કીમત રૂપીયા ૨,૦૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ચાર ઈસમ ઝડપાયો

આજરોજ તા.૩૦/૧૨/૨૦૧૯ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ સર્વે સ્કોડના પો.સ.ઈ. વી.બી.વાઘેલા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો લાલજીભાઈ જહાભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે એક્ષપ્રેસ હાઈવે સામે લોખંડની બ્રીજની નીચે આરોપીઓ નં.૧ અમ્રુતલાલ ગૌતમલાલ દરંગા ઉવ:૩૦ રહે:ગામ:રોબીયા તા:ખેરવાડા જી:ઉદેપુર રાજસ્થાન તથા નં.૨ આફતાબ સઈદભાઈ શેખ ઉવ:૧૯ રહે:પાણીની ટાંકી પાસે સુરતી સોસાયટી રામોલ અમદાવાદ શહેર તથા નં.૩ આરીફખાન યાકુબખાન પઠાણ ઉવ:૩૪ રહે:૧૪૨૭ સુરતી સોસાયટી રામોલ અમદાવાદ શહેર તથા નં.૪ મહોમદરઝાક સલીમભાઈ શેખ ઉવ:૨૧ રહે:બાવા મીયાની ચાલી પીરાનપીરની દરગાહ સામે જમાલપુર અમદાવાદ શહેર નાઓને પોતાના કબજાની મહીન્દ્રા મેક્ષ **GJ.12.K.9015** ગાડીમાં વુડ ઉપર તેમજ સીટની નીચે ગુપ્ત ખાનાઓ બનાવી ગાડીમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલ નંગ:૨૦૪ કીમત રૂપીયા ૧૦૨૦૦૦/- તથા મહીન્દ્રા મેક્ષ ગાડી મળી કુલ્લે કીમત રૂપીયા ૨૦૨૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી પ્રોહિ એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## (૨)

## કિ.રૂ.૨૫,૬૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથે આરોપીની ધરપકડ કરતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ આગામી ૩૧મી ડીસેમ્બર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુ જુગારની બદી નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વે. સ્કોડના પો.સ.ઇ નાઓને આવી પ્રવુતી કરતા ઇસમોની વિરુધ્ધ કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુસંધાને આજરોજ સર્વે સ્કોડના પોસઇશ્રી વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વાગે રાજીવનગરના ટેકરા ખાતે આવતા સાથેના **પો.કો જયવીરસિંહ ઘનશ્યામસિંહ તથા પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ** નાઓએ પો.સ.ઇ શ્રીને સંયુકત બાતમી હકીક્ત આપેલ કે રાજીવનગરના ટેકરા મંદીરની ગલીમાં રહેતો નંદુભાઇ ભેરૂલાલ મેઘવાલ નાનો પોતાના કબજાના મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો રાખીને વેપાર કરે છે જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોની હાજરીમાં રેડ કરી

**આરોપી:- નંદુભાઇ ભેરૂલાલ મેઘવાલ ઉવ.૫૦ રહે. રાજીવનગરનો ટેકરો મંદીરની ગલીમાં રામોલ ગામ અમદાવાદ શહેર મુળ વતન ગામ. મોખાળા કોષીવાડા પંચાયત તા. નાથદ્વારા જી. રાજસમંદ રાજસ્થાન** નાઓના કબ્જા ભોગવટાવાળા મકાનમાંથી ભારતીય બનાવટનો **વિદેશી દારૂની બોટલ નંગ- ૪૬ કિ.રૂ.૨૫,૬૦૦/-નો** મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ આગળની વધુ તપાસ હાથ ધરેલ છે. તા.૨૯/૧૨/૧૯

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૭૬ બીયરટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૪૨ વ્યક્તિઓની અને પાસા મુજબ કુલ ૦૦ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૨૨૩/૧૯

**ચાંદખેડા** : દેવેન્દ્રકુમાર રમેશકુમાર સૈની (ઉ.વ.૨૩)(રહે.પ્લોટ નંબર-૨૦૯, નેમીનગર વિસ્તાર, વૈશાલીનગર જયપુર (રાજસ્થાન) એ તા.૨૯/૧૨/૨૦૧૯ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા મોટેરા ક્રિશ્ના બંગ્લોઝની સામે, સંસ્કૃત કોમ્પ્લેક્ષ-૧, પહેલા માળે આવેલ દેવેન્દ્રકુમારની કંપનીની LOWCARS એપ ઉપર આરોપી (૧)ઇર્શાદ અકબરભાઇ અજમેરી (રહે,ફીરદોસ ફ્લેટ, બી.એમ.સી. બેંકની સામે, ખાનપુર) અને (૨) સંદિપપુરી મનસુખપુરી ગોસ્વામી (રહે.નવી કલેક્ટર ઓફીસ, ફૈજ શીવાજી પાર્ક, જુનાગઢ) એ ભેગામળી સેલ્ફ ડ્રાઈવીંગ કરવા સારૂ ભાડે થી લેવા ઓનલાઈન બુકીંગ કરી, દેવેન્દ્રકુમાર ની કંપનીમાં એડવાન્સ ઓનલાઈન પેમેન્ટ ચુકવી, તેમની કંપનીની (૧) હ્યુંડાઇ આઇ*૨૦ કાર નંબર આર.જે.૧૪.ટી.ઈ.૫૪૩૮ (૨) મારૂતી સ્વીફ્ટ ગાડી નંબર આર.જે.૧૪.ટી.ઈ. ૫૮૦૧ અને (૩)મારૂતી સ્વીફ્ટ ગાડી નંબર આર.જે.૧૪.ટી.ઈ.૬૧૪૪ ત્રણેયની કુલ કિંમત રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- મતાની ગાડીઓ લઇ જઈ આજદિન સુધી પરત નહી કરી, દેવેન્દ્રકુમાર ની કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.